‘હોળીના અંગારા પર ચાલવાની પરંપરા’ ખેડબ્રહ્માના આગીયામાં પાંડવ કાલથી અંગારા પર શ્રધ્ધાળુ ચાલે છે

ખેડબ્રહ્મા, તા. ૨૫

ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામમાં હોળી પર્વની ઉજવણી મહાકાલી માતાજીની પૂજનવિધિ સાથે થાય છે. હોળી ને પ્રગટાવ્યા પછી હોળીના ધગધગતા અંગારા ઉપર લોકો ખુલ્લા પગે ચાલી અનોખી રીતે આ પર્વ ઉજવે છે. આગીયાની હોળી જોવા રાજયભરમાંથી તથા રાજસ્થાનમાંથી લોકો આવે છે.

આગિયા ગામમાં હોળી પ્રગટાવ્યા પછી હોળીની આગથી વાઘેલા વંશજો દ્વારા એક વાંસ સળગાવવામાં આવે છે. આ સળગતો વાંસ લઈ મહાકાળી માતાજીનું નામ લેતા મંદિર પાસે આવેલી વાવમાં સળગતા વાંસને ઠંડો કરવામાં આવે છે. સળગતા વાંસને માતાજીની વાવ સુધી પહોંચાડવા રસ્તામાં વાઘેલા વંશજો મદદ કરતા હોય છે. જેથી માતાજીનું નામ સતત બોલાતું રહે ત્યારબાદ માતાજીના જય ઘોષ સાથે ગામના તથા આજુબાજુના ગામના ભાઈઓ અને બાળકો શ્રધ્ધાથી હોળીના ધખધખતા અંગારા ઉપર ઉખાડા પગે ચાલે છે. અંગારાથી જરા પણ દઝાતું નથી. હોળીના અંગારા પર ચાલનાર વ્યકિત પાસે સોના ચાંદીના દાગીના કે ચામડાની કોઈ વસ્તુ ન હોવી જોઈએ તેની ખાસ તાકીદ કરવામાં આવે છે. હોળીની સળગતી ધજા હવામાં ઉડતી ઉડતી નીચે આવે અને તેને નિઃસંતાન વ્યકિત જીલે તો તેના ઘેર પારણું બંધાય છે તેવી માન્યતા સદીઓથી પ્રચલિત છે. ફાગણ સૂદ પુનમને મંગળવાર તા. ૨૬મીએ રાત્રે ૮.૫૦ વાગે હોળી પ્રગટાવવામાં આવશે.

મંદિર ટ્રસ્ટના પ્રમુખ ભૂપતસિંહ એસ. વાઘેલા, ટ્રસ્ટીઓ પ્રવિણભાઈ ફૂલજીભાઈ પટેલ-રાજેન્દ્રસિંહ જે. વાઘેલા તથા શાસ્ત્રી ઋતુલકુમાર જે. જોષીના જણાવ્યા અનુસાર આગીયા ગામે પ્રગટતી હોળીની પરંપરા પાંડવ કાળથી ચાલતી આવે છે.

પાલનપુરમાં નવ નિર્વાચિત પ્રમુખોનો સત્કાર સમારંભ યોજાયો : પાલનપુર તાલુકા પંચાયતના મિટીંગ હોલમાં ગતરોજ સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્ર દ્વારા નવ નિર્વાચિત પાલનપુર તાલુકા પંચાયત પ્રમુખ ધનજીભાઈ સોલંકી, શહેર ભાજપ પ્રમુખ અનિકેત ઠાકર, ભાજપ તાલુકા પ્રમુખ દિનેશભાઈ પટેલનું પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વામી વિવેકાનંદ કેન્દ્રના જિલ્લા ઈન્ચાર્જ ગણપતભાઈ જોષી, જિલ્લા ચેરમેન રમેશભાઈ પટેલ, મંત્રી ગૌરાંગ પાધ્યા, હરેશ પટેલ સહિત યુવા વિકાસ કેન્દ્રના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. **(તસવીર : હરેશ જોષી, પાલનપુર)**

ડીસાના ધરપડા ગામે જમીન મામલે ધીંગાણુ

રક્તરંજીત અથડામણમાં અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થતાં પોલીસે તપાસ હાથ ધરી

ડીસા, તા. ૨૫

ડીસા તાલુકાના ધરપડા ગામે ખેતીની જમીનના સેઢા મામલે બે ખેડૂતો વચ્ચેની તકરારે ઉગ્ર રૂપ ધારણ કરતાં બન્ને ખેડૂતોના ટેકેદારો અને સગાવહાલાઓ પણ આ તકરારમાં જૂથો વિરૂદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

આ સશસ્ત્ર અથડામણની મળેલ વિગતો જોતાં ધરપડા ગામે આવેલા માલિકીના ખેતરમાં બે જૂથો વચ્ચે સેઢાની જમીન મામલે

(તસવીર : ધનેશ પરમાર, ડીસા)

જોડાયા હતા. જે બાદ થયેલા સશસ્ત્ર હુમલામાં બન્ને પક્ષોના સભ્યોના માથા ફુટ્યા હતા. અને આ અથડામણમાં રક્તરંજીત બનતા અનેકોને ગંભીર ઈજાઓ થતા સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે લવાતા ડીસાની સરકારી હોસ્પિટલ ઘાયલોથી ઉભરાઈ ઉઠી હતી. આ મામલે ડીસા તાલુકા પોલીસે બન્ને પક્ષોની ફરીયાદ આધારે બન્ને ગતરાત્રીએ સામાન્ય તકરાર ઉભી થઈ હતી. જે તકરારમાં બન્ને ખેડૂતોના પરિવારજનો અને ટેકેદારો પણ જોડાયા હતા. તકરારે ઉગ્ર રૂપ ધારણ કર્યું હતું અને તે બાદ વણસેલી પરિસ્થિતિમાં બન્ને પક્ષોના સભ્યોએ દેકારો મચાવી જે હાથમાં આવ્યું તે લઈ એકબીજા પર સશસ્ત્ર હુમલો કરતાં અનેકોને માથામાં, હાથપગ અને શરીરના અન્ય ભાગોમાં ગંભીર પ્રકારની ઈજાઓ થઈ હતી. આ તકરારમાં તે બાદની સ્થિતિએ ગ્રામજનોએ વચ્ચે પડી પીડીતોને છોડાવ્યા હતા. અને ડીસાની સરકારી હોસ્પિટલમાં હૂમલામાં ઘાયલોને સારવાર અર્થે ખસેડ્યા હતા. જેમાં આ મામલે ડીસા તાલુકા પોલીસમાં જયદિપસાલંકીએ આરોપી પ્રેમજી ઠાકોર, ભાય ચંદુજી ઠાકોર, નરેશજી ઠાકોર, સોમજી ઠાકોર, દેવાજી ઠાકોર, ઈશ્વરજી ઠાકોર, રામચંદજી ઠાકોર તેમજ રમણજી ઠાકોર વિરૂદ્ધ ગુનો દાખલ કરાવ્યો હતો. જ્યારે સામા પક્ષે ચેતનજી ઠાકોરે સહદેવજી ઠાકોર, પોપટજી ઠાકોર, વિરચંદજી ઠાકોર, ગલાબજી ઠાકોર, શ્રવણજી ઠાકોર, સોમાજી ઠાકોર તથા સંગ્રામજી ઠાકોર વિરૂદ્ધ ગુનો દાખલ કરાવતા પોલીસે આ કોસ ફરિયાદ મામલે ધોરણસર તપાસ હાથ ધરી છે.

ખેડબ્રહ્મામાં યુવકે ઝેરી દવા ગટકાવી જતા મોત

ખેડબ્રહ્મા, તા. ૨૫

ખેડબ્રહ્મા તાલુકાના ઊંચી ધનાલ ગામના યુવકે અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી જતાં સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ ખેડબ્રહ્માના ઉંચી ધનાલ ગામે રહેતો જોષી સંજયકુમાર અરવિંદભાઈ (ઉ.વ. ૨૬)એ ગતરોજ કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પીધી હતી. ઝેરી દવા પી જતાં યુવકની હાલત ગંભીર બની હતી. યુવકને તાત્કાલિક ખેડબ્રહ્મા હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયો હતો. જયાં સારવાર દરમિયાન રાતના સુમારે સંજયનું મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વિજ્ઞાનજાથા દ્વારા ૧૧,૦૦૦ છાણાની હોળીનું પ્રાગટ્ય

રાજકોટ, તા. ૨૫

રાજકોટમાં જનવિજ્ઞાન જાથા દ્વારા જીવન નગર ચોકમાં જીવનનગર વિકાસ એ ૧૧,૦૦૦ છાણાની હોળી મંગળવારે રાત્રે પ્રગટાવશે. હોળીનું પ્રાગટ્ય વૈજ્ઞાનિક પધ્ધતિથી કરાશે. આ પ્રસંગે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેટરો હાજરી આપનાર છે. જાથાના ચેરમેન જયંતભાઈ પંડ્યા ઉદ્‌ઘાટન કરશે. પાણીનો બગાડ ન થાય તેની પણ કાળજી રાખવામાં આવશે. હોળી પ્રગટાવવામાં મુર્હુતની જરૂર નથી. હોળી-ધૂળેટી રાષ્ટ્રીય તહેવાર છે. જેથી ચોઘડીયા અતાર્કિક છે.

ધનસુરા તાલુકા ભાજપના પ્રમુખની વરણી

ધનસુરા, તા. ૨૫

સમગ્ર રાજયમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા તાલુકા ભાજપ પ્રમુખોની નિમણુંક કરવાની પ્રક્રિયા આરંભવામાં આવી છે. જેના ભાગ રૂપે ધનસુરા તાલુકા ભાજપના પ્રમુખ તરીકે તાલુકા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ અને ચૌધરી સમાજના અગ્રણી એવા અનિલભાઈ રમણભાઈ પટેલની વરણી કરવામાં આવી છે. જેનેજિલ્લાના નિરિક્ષક હરિભાઈ ચૌધરી, પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ મનહરભાઈ દેસાઈ, જિલ્લા પંચાયત પ્રમુખ હેમલત્તાબેન પટેલ તેમજ તાલુકા મિડીયા સેલના રાકેશ મહેતા સાથે વિશાળ સમુદાયમાં ઉપસ્થિત ભાજપના કાર્યકરોએ આવકારી હતી.

મહેસાણા જિલ્લામાં તલાટીઓ લોકોના કામમાં વ્યાપક કટકી કરતા હોવાની બુમરાણ

મહેસાણા, તા. ૨૫

મહેસાણા જિલ્લામાં ભ્રષ્ટ અને રીઢા બની ગયેલા કેટલાક તલાટીઓ જિલ્લાના કેટલાક કહેવાતા ભ્રષ્ટ અધિકારીઓ સાથે મેળાપીપણું ધરાવીને લોકોના કામોમાં વ્યાપક કટકી કરી રહ્યા હોવાની બૂમરાણ ઉઠી છે.

લોકોમાં ચર્ચાતી વાતો મુજબ મહેસાણા જિલ્લાના કેટલાક ગામોમાં ભ્રષ્ટ તલાટીઓ નાગરિકો સાથે આપખુદશાહી વર્તન દાખવીને પંચાયતને લગતા તેમજ તાલુકા પંચાયત અને મામલતદાર કચેરીને લગતા કામકાજમાં વ્યાપક કટકી કરી રહ્યાં છે. કહે છે કે, આ તલાટીઓ જિલ્લા અને તાલુકાના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ સાથે મેળાપીપણું ધરાવતા હોઈ તાલુકા કક્ષાએ નાગરિકોની રજૂઆતો યા ફરીયાદોને ધ્યાને લેવામાં આવતી નથી. વારસાઈ, ગણોત, ખાતેદાર, કુટુંબિક વહેંચણી વગેરે કામોમાં તેમજ જરૂરી દાખલાઓ, હકપત્રક, ઉતારાઓ મેળવવા માટે તલાટીઓને રીઝવવા પડે છે. અને નાણાં આપો તો જ કામ થાય છે તેવો આક્ષેપ પ્રજામાં થઈ રહ્યો છે. કથિક ભ્રષ્ટ તલાટીઓ ગ્રામ પંચાયત કે ગ્રામજનોના હિતો કરવા કરતાં પોતાના આર્થિક હિતો સાચવવામાં વધુ રસ ધરાવે છે.

જિલ્લાના મહેસાણા, કડી, ઊંઝા, વિસનગર, વિજાપુર, ખેરાલુ વિગેરે તાલુકાઓમાં કેટલાક તલાટીઓ પોતાના કામકાજ અર્થે નિવૃત્ત થયેલ તલાટીઓ તેમજ અન્ય ફોલ્ડરીયાઓ રાખે છે. જેઓ તલાટીની સાથે ગ્રામ પંચાયતમાં બેસતા હોવાનું ચર્ચાય છે. બીજું ગરીબ અને મધ્યમવર્ગના લોકોને પોતાના સંતાનોના અભ્યાસના કામે આવકના તેમજ અન્ય જરૂરી દાખલાઓ મેળવવામાં મુશ્કેલી પડે છે તેવી ગ્રામજનોની ફરીયાદો ઉઠી છે. કેટલાક તલાટીઓ રાજકારણીઓ અને તાલુકા જિલ્લાના અધિકારીઓ સાથે સારો ઘરોબો ધરાવીને કાવા દાવા કરવામાં તથા ભ્રષ્ટાચાર આચરવામાં માહેર બની ગયા છે. તેવું પણ ચર્ચાય છે.

જિલ્લા પંચાયતના આદેશ મુજબ તલાટીને હેડકવાર્ટરમાં રહેવાનું હોય છે પરંતુ મહેસાણા જિલ્લામાં કેટલાયે તલાટીઓ હેડકવાર્ટરમાં રહેતા નથી. અને બહારથી અપડાઉન કરે છે. જેથી ગામમાં તેઓની અનિયમિત હાજરી હોય છે. કેટલાક તલાટીઓ તેમની દેખીતી આવક કરતાં અપ્રમાણસરની સંપત્તિ યા મિલકતો ધરાવતા હોવાના પણ આક્ષેપો લોકોમાં થઈ રહ્યા છે.

બીજું તલાટીઓની ફરજમાં બેદરકારીને કારણે કેટલાક ગામોમાં વાડા પથક- ગામડા ઉપટાક જેવા મહત્વના રેકર્ડની જાળવણી કરવામાં આવી નથી. પરિણામે જૂનું રેકર્ડની રાચેલ જર્જરીત હાલમાં છે. જેથી લોકોને પોતાના વડીલો પાર્જિત મિલકતોના પુરાવા મળવા અશક્ય બન્યા હોઈ લોકો મુશ્કેલીમાં મુકાયા છે.

વડનગર ખાતે સર્વરોગ નિદાન-સારવાર અને રકતદાન શિબિર યોજાયો

મહેસાણા, તા. ૨૫

મહેસાણા જિલ્લા વડનગર ખાતે સાતસોના ઉમિયા ટ્રસ્ટ અમદાવાદ આયોજિત સર્વરોગ નિદાન તેમજ રકતદાન કેમ્પ આરોગ્યમંત્રી નિતીનભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયો હતો. સાતસોના ઉમિયા ટ્રસ્ટ અમદાવાદ, સિવિલ હોસ્પિટલ તેમજ ગર્વમેન્ટ સ્પાઈન ઈન્સ્ટીયુટ અમદાવાદના સૌજન્યથી સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૨૫૦૦થી વધુ દર્દીઓને વિનામૂલ્યે દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૨૦૦વધુ રકતદાતાઓએ રકતદાન આપ્યું હતું. તેમજ ૨ વ્યક્તિઓએ દેહદાનનો સંકલ્પ લીધો હતો.

આ નિદાન કેમ્પમાં મેડીકલ, સર્જીકલ, ગાયનેક, ઓર્થોપેડિક, ચામડી, આંખના રોગ, દાંતના રોગ અને બાળકોના રોગ જેવા વિવિધ રોગના ડૉકટરો સેવા આપી હતી. આ ઉપરાંત કૃત્રિમ હાથપગ, જન્મજાત વાંકા ચુંકા પગ, કપાયેલા હોઠ અને તાળવાના દર્દીઓને પણ સેવા આપવામાં આવી હતી. ૧૨૫ જેટલા સિનયીર પ્રોફેસરો આ સર્વરોગ નિદાન કેમ્પમાં જોડાયા હતા. એક રકત બોટલમાંથી વિવિધ પાંચ ઘટકો જુદા પાડવામાં આવે છે જેથી એકવારનું રકતદાન પાંચ જિંદગી બચાવે છે તેની ખાસ સમજ આ કેમ્પમાં આપવામાં આવી હતી.

આ પ્રસંગે આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ નિદાન કેમ્પમાં ઉચ્ચકક્ષાના નિષ્ણાત દાકતરો આવ્યા છે. મહેસાણા જિલ્લામાં ફલોરાઈડ પાણીનો પ્રશ્ન ગંભીર હતો. જે મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને દીર્ઘ દષ્ટિથી ધરોઈ અને નર્મદા યોજનાથી નિરાકરણ લાવ્યા છીએ. ગુજરાતની ૫ કરોડ જેટલી પ્રજાને આપણે પીવાનું શુધ્ધ પાણી આપી રહ્યાં છીએ. રાજય સરકારના માત્ર ૨ રૂપિયે ૧૦૦૦ લિટર પાણી ગામડાઓને આપે છે. શુદ્ધ પાણીના કારણે ૯૦ ટકા ઝાડા ઉલટીના કેસો ઓછા થયા છે તેમ જણાવ્યું હતું.

ડીસાના ખરડોસણ ગામે બે મોટરસાયકલ વચ્ચે અકસ્માત : બે ઘાયલ

ડીસા, તા. ૨૫

ડીસા તાલુકાના ખરડોસણ ગામ પાસે ડીસાથી પાટણ જતાં મુખ્ય હાઈવે રોજ પર ગફલતભર્યા ડ્રાઈવીંગે મોટરસાયકલ ચલાવતાં બે યુવકો આમને સામને અથડાતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં બંને યુવકો રોડ પર પટકાતાં ગંભીર રીતે ઘવાયા હતાં. જેઓને સ્થાનિકોએ ડીસાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયાં હતાં.

(તસવીર : ધનેશ પરમાર, ડીસા)

આ અકસ્માત અંગેની મળતી વિગતો જોતાં આજે સવારે ડીસા તાલુકાના ખરડસણ ગામના ભૂરાભાઈ પીરાબાઈ રબારી તેમના સગા ડાહ્યાભાઈ બીજલભાઈ રબારી સાથે મોટરસાયકલ પર સવાર થઈ ખરડોસણથી ડીસા આવવા રવાના થયા હતા તેવા જ સમયે અન્ય એક મોટર સાયકલ સવારે ગફલતભર્યું ડ્રાઈવીંગ કરી તેમની મોટરસાયકલને ટકકર મારતા બંને મોટરસાયકલ પર સવાર ત્રણેય ઈસમો રોડ પર પટકાયા હતાં. જેમાં ભૂરાભાઈ પીરાબાઈ રબારીને મોઢાના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ થતાં તેઓને સ્થાનિકોએ ૧૦૮ એમ્બ્યુલન્સ વાન મારફતે ડીસાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડયા હતાં. આ મામલે ડીસા તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરેલ છે.

બનાસકાંઠા જિલ્લા પંચાયતનું ૭૫ લાખ ઉપરાતનું પૂરાંતવાળુ બજેટ મંજૂર

(તસ્વીરઃ હરેશ જોશી)

પાલનપુર, તા. ૨૫

બનાસકાંઠા જિલ્લા પંચાયતની પ્રથમ સાધારણ સભા જિલ્લા પંચાયત હોલમાં યોજાઈ હતી. આ બેઠકમાં ડી.ડી.ઓ. મહેન્દ્ર પટેલ, નાયબ ડી.ડી.ઓ. બુચ, જિલ્લા પંચાયત પ્રમુખ રાજુભાઈ જોશી, નવા ચુંટાયેલા સભ્યો, કર્મચારીઓની હાજરીમાં બેઠક યોજાઈ હતી.

ઉપરોક્ત યોજાયેલ બેઠકની શરૂઆતમાં સ્વ. સાંસદ મુકેશભાઈ ગઢવી, જિલ્લા પંચાયતના સ્વ. કાનાભાઈ રબારી તથા જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ સુખદેવસિંહ સોઢાના સ્વ. પુત્રના માનમાં બે મીનીટનું મૌન પાળીને સભાની શરૂઆત કરાઈ હતી. જેમાં જિલ્લા પંચાયતનું વર્ષ ૨૦૧૨-૧૩નું સુધારેલુ અંદાજ પત્ર અને વર્ષ ૨૦૧૩-૧૪ વાર્ષિક અંદાજપત્ર રજૂ કરવામાં આવેલ. કુલ ૭૫,૬૪,૯૩૨નું પૂરાંતવાળું બજેટ બહુમતીના જોરે મંજૂર કરવામાં આવેલ. જેમાં બાંધકામમાં કુલ રૂા. ૨૦,૯૫,૦૦૦, વિકાસ અને પંચાયતમાં રૂા. ૬,૬૦,૦૦૦ શિક્ષણ, આરોગ્ય માટે રૂા. ૬,૭૫,૦૦૦, ખેતીવાડી માટે ૪,૫૫,૦૦૦ મંજૂર કરવામાં આવેલ.

ઉપરોક્ત મંજૂર થયેલા કામોના સંદર્ભમાં કોંગ્રેસના લક્ષ્મીબેન કહેણ અને યાસીનભાઈ બંગલાવાળાએ વિરોધ કરતાં જણાવેલ કે, ઉપરોક્ત મંજૂર કરેલા બજેટમાં માત્ર બાંધકામ વિભાગને જ વધુ મહત્વ અપાયું છે. જયારે શિક્ષણ, વિકાસ, પંચાયત, સમાજકલ્યાણ, આરોગ્ય અને ખેતીવાડી સામે ધ્યાન આપવામાં આવેલ નથી. ઉપરોક્ત બજેટને કોંગ્રેસે ખૂબ જ નિરાશાજનક ગણાવ્યું હતું. ઉપરોક્ત સભાખંડમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

કોંગ્રેસે બજેટને નિરાશાજનક બજેટ ગણાવ્યું

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

અલ્ટ્રાટેક સિમેન્ટ
એન્જિનિયરની પસંદગી
FAIR MATE
VIRAT TMT BARS
UTKARSH
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :-
શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
એસ-૬, ત્રીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(0) : 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729